પત્રકમાંક:મઉમશબ/પરીક્ષા/માર્ચ-૨૦૧૯/ONLINE
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા.
તા.૦૨/૧૧/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રીઓ, માધ્યમિક શાળાઓ તમામ
પ્રધાનાચાર્યશ્રીઓ, સંસ્કૃત પ્રથમા પાઠશાળાઓ તમામ
ગુજરાત રાજ્ય.

<u>વિષય</u>:- માર્ચ-૨૦૧૯ ની ધોરણ-૧૦ ની એસ.એસ.સી પરીક્ષાના આવેદનપત્રો online ભરવા પૂર્વ તૈયારી કરવા અંગે.

આથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, સંસ્કૃત પાઠશાળાઓના પ્રધાનાચાર્યશ્રીઓને જણાવવાનું કે, માર્ચ-૨૦૧૯ માં લેવાનાર એસ.એસ.સી પરીક્ષાના માધ્યમિક શાળાના નિયમિત/રીપીટર/પૃથ્થક, ખાનગી નિયમિત,ખાનગી રીપીટર તથા સંસ્કૃત પ્રથમાના નિયમિત, રીપીટર ઉમેદવારોના આવેદનપત્રો ફરજિયાત online ભરવાના છે, જે અંગે આચાર્યશ્રીઓને સૂચિત કરવામાં આવે છે કે online ફોર્મ ભરતા પહેલાં તેની પૂર્વ તૈયારી કરવાની રહેશે.

તા. ૦૨/૧૧/૨૦૧૮ થી online આવેદનપત્રો ભરવાના શરૂ કરવામાં આવેલ છે. આવેદનપત્રો બોર્ડની website www.gseb.org અથવા http://sscexamreg.gseb.org પરથી ભરવાના રહેશે.

- માર્ચ-૨૦૧૯ માં ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારોની તમામ વિગત જેવી કે અટક, નામ, પિતાનું નામ, જીઆરનંબર, જન્મતારીખ, ઉમેદવારના વાલીની વાર્ષિક આવક ઉમેદવારનો મોબાઇલ નંબર/લેન્ડલાઇન નંબર, ઉમેદવારનો ફોટો, તથા સહી વિગેરે તમામ વ્યક્તિગત વિગતો એકત્ર કરીને શાળાએ તૈયાર રાખવી. ઉપરોકત સઘળી વિગતની ખરાઇ વિદ્યાર્થીના વાલી પાસે કરાવી લેવી. જેથી ભવિષ્યમાં અટક, નામ, પિતાનું નામ, જન્મતારીખ સુધારો કરવાના પ્રશ્નો ટાળી શકાય. અંગ્રેજી નામના સ્પેલીંગમાં પણ પૂરતી તકેદારી રાખીને ઉમેદવાર તથા તેના વાલીને બતાવીને રેકર્ડ શાળાએ સાચવી રાખવાનું રહેશે.
- ઉપરાંત ઉમેદવારના આધારકાર્ડની નકલ(ફરજીયાત નથી) અને જે ઉમેદવારના વાલી બી.પી.એલ. કાર્ડ ધરાવતા હોય તો તેનો બી.પી.એલ.કાર્ડ નંબર સાથે ઝેરોક્ષ નકલ મેળવી રાખવી. જો ઉમેદવારોના વાલીનું Email ID હોય તો તે પણ મેળવી લેવાનું રહેશે.
- ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારોનો તાજેતરનો ફોટો અને સહી 5 KB થી 20 KB તથા લંબાઇ 120 PIXEL અને પહોળાઇ 100 PIXEL ની સાઇઝમાં સ્કેન કરી કોમ્પ્યુટરમાં ફોલ્ડર બનાવી રાખવું. જેથી આવેદનપત્ર ભરતી વખતે સરળતા રહે અને કોઇ ઉમેદવારનો ફોટો અપલોડ કરવાનો રહી જાય નહી.
- રીપીટર ઉમેદવારોઓની છેલ્લી પરીક્ષાઓની માર્કશીટની નકલ ઉમેદવાર પાસેથી મેળવી અને આવેદનપત્રો ભરતી વખતે અપલોડ કરવાની રહેશે તે પણ સ્કેન કરી તૈયાર રાખવી.

- જે ઉમેદવારો ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા હોય તેઓના સક્ષમ મેડીકલ ઓફીસર દ્વારા ઇસ્યુ કરેલ મેડીકલ સર્ટીફીકેટ મેળવી લેવા તે સર્ટીફીકેટ પણ સ્કેન કરી તૈયાર રાખવા.
- ખાનગી ઉમેદવાર તરીકે ઉપસ્થિત થનાર ઉમેદવારોના શાળા છોડ્યાનો દાખલો, રહેઠાણનું પ્રુફ, જન્મનો દાખલો અથવા ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ ઉંમર અંગેની ખરાઇનું સોગંદનામું જે ઉમેદવારોનું ડુપ્લીકેટ સર્ટીફીકેટ હશે તેનું સોગંદનામું હોવું જરૂરી છે. આ તમામમાંથી કોઇ પણ એક ડોક્યુમેન્ટ સ્કેન કરી કોમ્પ્યુટરમાં ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.
- Online ફોર્મ ભરાઇ ગયા બાદ ફોર્મની હાર્ડ કોપીની નકલ શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થી/વાલીને બતાવી, પ્રમાણિત કરી ફરજિયાત જાળવી રાખવાની રહેશે.
  - ➢ આચાર્યશ્રીએ શિક્ષકશ્રી તથા વહીવટી કર્મચારીશ્રીને સાથે રાખીને આ કામગીરી કરવાની રહેશે.

<u>નોંધ</u>:- માર્ચ-૨૦૧૮ ની પરીક્ષામાં online આવેદનપત્ર ભરવામાં શાળાઓ દ્વારા અટક, ઉમેદવારનું નામ, પિતા/વાલીનું નામ, જન્મ તારીખમાં ઘણી ભૂલો જોવા મળેલ છે. જે ભૂલો માર્ચ-૨૦૧૯ ની પરીક્ષામાં ન થાય તેની ખાસ કાળજી રાખવા આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે.

સહી/-
(બી.એસ.પંચાલ)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યતર શિક્ષણ બોર્ડ

ક્રમાંક / મા.શ-૭/૨૦૧૮/૧૯૬૦૦૪-૧૧૪૭૯૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૨-૧૧-૨૦૧૮

નકલ રવાના જાણ તથા અમલ સારું.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાંટેડ, નોન-ગ્રાન્ટેડ,
મા. અને ઉ.મા. શાળાઓ તમામ
બનાસકાંઠા જિલ્લો.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.